# MBX-1601010102010100 Seat No. ________

## M. A. (Gujarati) (Sem. I) (CBCS) Examination

### December – 2016

### Bhasha - Sahitya Kaushal

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નો છે, દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજિયાત છે.
(૨) દરેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલ છે.

૧ નીચે આપેલાં કાવ્યોમાંથી કોઈ પણ **એક** કાવ્યનું રસદર્શન કરાવો : **૧૪**

(૧) પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને
જ્યાં પ્હોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં-
મન પ્હોંચતા જ પાછું વળે એમ પણ બને.
એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા ?
એક પગ બીજા પગને છળે એમ પણ બને.
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને.
તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.

– 'મનોજ ખંડેરિયા'

**અથવા**

(૨) મારા ખેતરને શેઢેથી
‘લ્યા ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગનિ.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઈ
બળદને હળે હવે જોતરીશ નઈ
મારા ખેતરને શેઢેથી -

- ‘રાવજી પટેલ’

૨ નીચેના કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

(૧) ‘‘કોઈ પણ સાહિત્યકૃતિ પોતાના વિશિષ્ટ જીવન-દર્શન વિનાની હોતી નથી, પ્રત્યેક કવિની નાનામાં નાની કૃતિમાંથી પણ તેની વિશિષ્ટ જીવનદષ્ટિ ધ્વનિત થતી હોય છે. અને એટલા માટે જ કવિને દષ્ટા પણ કહેલો છે. તો હવે જે પોતે દષ્ટા છે, તેના સર્જનને તમે દર્શન વિના મૂલવવાનો પ્રયત્ન કરો એ ચાલે જ શી રીતે ? તમે માત્ર એના કૌશલ્યની જ પરીક્ષા કરો, એની જ કદર કરો, એનું જ મૂલ્ય આંકો, અને એ કૌશલ્યની પાછળ કવિનું જે વિશેષ દર્શન રહેલું છે તેનો વિચાર જ ન કરો એ શી રીતે ચાલે ? એટલે આમ કેવળ કવિકૌશલ્યનો જ વિચાર કરીને કરેલું મૂલ્યાંકન સદા અધૂરું જ રહેવાનું. કાવ્યનું સર્જન જેમ દર્શનમાંથી થાય છે તેમ કાવ્યનું સાચું પરીક્ષણ પણ દર્શન જ કરી શકે છે.’’

- નગીનદાસ પારેખ

**અથવા**

(૨) ''સાહિત્યમાં જીવનપરાયણતા હોવી જોઈએ. તમામ જનતાને જે સાહિત્ય સૂક્ષ્મ વિચારક્ષમ સંસ્કારી, સમર્થ અને કાર્યકુશળ બનાવે તે જ સાહિત્ય પ્રગતિશીલ કહેવાય. એવા સાહિત્યથી જીવનની સાદગી વધે પણ એમાં સૂતકી પણું ન આવે, વંશ, વર્ણ અને વર્ગમાં જાગૃતિ આવે પણ વિદ્વેષ ન ફેલાય - વંશ, વર્ણ, અને વર્ગોમાં સમતા અને સહકાર વધીને અંતે એકતા પ્રસ્થાપિત થાય. પ્રગતિશીલ સાહિત્યમાં સદાચાર, તત્ત્વનિષ્ઠા અને આદર્શ-શ્રદ્ધા હોય પણ ધર્માભિમાન અને તેથી ઉત્પન્ન થતી વૃત્તિની સંકીર્ણતા ન હોય એવા સાહિત્યમાં આત્મવિશ્વાસ અવશ્ય હોય પણ આત્મપ્રચાર કે કલ્પના ન હોય.''

- કાકાસાહેબ કાલેલકર

૩ નીચેના કોઈ પણ **એક** ગદ્યખંડનું સારલેખન કરો : **૧૪**

(૧) ''કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણ માંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ એ એનો ઓપ છે, જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છુટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંસાધન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.''

- સુંદરમ્

**અથવા**

(૨) ''કોઈ માને કે ન માને પરંતુ મોટા ભાગની વ્યક્તિઓ મૌલિક વિચારો ધરાવતી હોય છે. જેવી રીતે માનવીનો ચહેરો મૌલિક હોય છે. તેવી રીતે તેના વિચારો પણ મૌલિક હોય છે. માનવીમાં એવી છૂપી શક્તિ પડી છે કે તેનો થોડો ઘણો ઉપયોગ કરવામાં આવે તો પણ તે મોટાં કામો કરી શકે છે, પણ માનવીમાં પડેલા પૂર્વગ્રહો અને ખોટા સંસ્કારો તેની શક્તિને દાબી રાખે છે. આવા માણસો વિચાર કરે છે પણ અમલ કરતાં નથી. અમલ કરે તો કાં તો ઉતાવળ કરે છે અથવા ઢીલ કરે છે. આવા માણસો કાયમ અધકચરા વિચાર કરે છે. અસ્પષ્ટ રહે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે. આવી આડખીલીઓ સમજપૂર્વક દૂર કરવામાં આવે તો તેના વિચારો તેના માટે મહામૂલી મૂડી બની જાય છે.''

- મોહમ્મદ માંકડ

૪ છંદ એટલે શું ? છંદના પ્રકારો જણાવી, મંદાક્રાન્તા અને શિખરિણી છંદનું બંધારણ દૃષ્ટાંત સાથે સમજાવો. ૧૪

**અથવા**

૪ અલંકાર એટલે શું ? અલંકારના પ્રકારો જણાવી, ઉપમા અને ઉત્પ્રેક્ષા અલંકાર દૃષ્ટાંત સાથે સમજાવો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : ૧૪

(૧) પ્રૂફરીડિંગ એટલે શું ? પ્રૂફ સુધારણા માટેની સંજ્ઞાઓ જણાવો.

(૨) જોડણી વિચાર એટલે શું ? તેના પ્રકારો ચર્ચો.

(૩) વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ છંદનું સ્વરૂપ અને બંધારણ દૃષ્ટાંતો આપી સમજાવો.

(૪) રૂપક અને વ્યતિરેક અલંકાર વિશે દૃષ્ટાંત સહિત ચર્ચા કરો.